UPI: નાના વેપારીઓ પર ખર્ચનો ભાર આવશે

UPI પેમેન્ટ પર ચાર્જ વસૂલ કરવાના નિર્ણયની મધ્યમ હરોળના વેપારીઓ પર ગંભીર અસર પડશે: પ્રમોદ ભગત

15 ઓક્ટોબરથી 0.4% MDR અમલમાં, મહત્તમ ₹.300નું ભારણ આવશે, CAIT કેન્દ્ર સરકારને રજૂઆત કરશે

સુરત: 15 ઑક્ટોબર, 2026થી UPIના પસંદગીના મોટા વેપારી વ્યવહારો માટે નવું Merchant Discount Rate (MDR) માળખું અમલમાં આવશે. જોકે, સામાન્ય ગ્રાહકોમાં ઊભી થયેલી ચાર્જની આશંકા અંગે કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરી છે કે UPI દ્વારા વ્યક્તિથી વ્યક્તિ એટલે કે P2P પેમેન્ટ કોઈપણ રકમનું હોય, તે ચાર્જમુક્ત રહેશે. વેપારીને ₹.2,000 સુધીના પેમેન્ટ પર પણ MDR લાગશે નહીં. કેન્દ્રના જણાવ્યા મુજબ આશરે 96 ટકા P2M વ્યવહારો નવા MDRથી અસરમુક્ત રહેશે.

જોકે, કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) ગુજરાત ચેપ્ટરના પ્રેસિડેન્ટ પ્રમોદ ભગતે જણાવ્યું હતું કે, UPI પેમેન્ટ પર ચાર્જ વસૂલ કરવાના સરકારના નિર્ણયની ગ્રાહકો પર કોઈ ખાસ અસર નહીં પડશે. પણ નાના અને મધ્યમ હરોળના લાખો રિટેલ વેપારીઓ પર એની ગંભીર અસર પડશે. ઈ કોમર્સ કંપનીઓ સામે મધ્યમ હરોળના દુકાનદારો ખૂબ ઓછા નફાના માર્જિનથી વેપાર કરી રહ્યા છે. તેઓને વ્યાપક અસર થશે. CAIT આ મુદ્દે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરશે. સરકારે કેશ ઓછું કરવા UPI સિસ્ટમ લાવી, દુનિયામાં UPI લાવનાર પ્રથમ હોવાનું ગૌરવ મેળવ્યું, હવે એના પર ચાર્જ લાદવો નાના અને મધ્યમ હરોળના વેપારીઓને નુકસાન કરશે. વેપારીઓની નારાજગી અમે સરકાર સમક્ષ રજૂ કરીશું.

> ₹.2000 સુધીના વ્યવહારો પર કોઈ ચાર્જ નહીં
> ₹.2000થી વધુના વ્યવહારો પર પેમેન્ટના 0.4% ચાર્જ વેપારીએ ચૂકવવાનો રહેશે. ઉદાહરણ તરીકે.
> ₹.3000ના પેમેન્ટ પર ₹.12
> ₹.4000ના પેમેન્ટ પર ₹.16
> ₹.5000ના પેમેન્ટ પર ₹.20
> ₹.50,000ના પેમેન્ટ પ ₹.200

નવા માળખા હેઠળ ₹.2,000થી વધુના ચોક્કસ Person-to-Merchant (P2M) UPI વ્યવહારો પર 0.4 ટકા MDR લાગશે. ₹.75,000 કે તેથી વધુના વ્યવહારમાં આ MDR મહત્તમ ₹.300 પ્રતિ ટ્રાન્ઝેક્શન રહેશે. એટલે ₹.3,000ના વ્યવહારમાં ₹.12, ₹.5,000માં ₹.20 અને ₹.50,000માં ₹.200 MDR બને છે. આ રકમ ગ્રાહક પાસેથી વસૂલવાની નથી, પરંતુ નિર્ધારિત વેપારી વ્યવહારમાં પેમેન્ટ ઈકો સિસ્ટમનો ખર્ચ છે.

પરિવાર કે મિત્રને ₹.5,000, ₹.50,000 કે અન્ય કોઈ રકમ UPIથી મોકલવામાં આવશે તો પણ MDR લાગશે નહીં. તેવી જ રીતે દુકાનદારને ₹.500, ₹.1,000 કે ₹.2,000નું પેમેન્ટ કરનાર ગ્રાહક પર કોઈ ચાર્જ નહીં આવે.

સામાન્ય વિક્રેતાઓ માટે પણ શૂન્ય-MDRની જોગવાઈ રાખવામાં આવી છે. સરકારના સ્પષ્ટીકરણ મુજબ નાના વેપારીઓને આવરી લેતા વ્યવહારોને નવા ચાર્જમાંથી સુરક્ષા આપવામાં આવી છે. પરિણામે ચાની લારી, નાની દુકાન અને સ્થાનિક વેપારીઓના મોટા ભાગના UPI વ્યવહારો પર સીધી MDR અસર નહીં થાય. કેટલાંક આવશ્યક ક્ષેત્રો માટે અલગ વ્યવસ્થા પણ છે. રેલવે, ટેલિકોમ, વીમા, ઈંધણ સહિતની નિર્ધારિત કેટેગરીમાં ₹.2,000થી વધુના વ્યવહારો માટે ₹.5નો ફ્લેટ MDR રાખવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારના જણાવ્યા પ્રમાણે MDR સરકાર દ્વારા વસૂલાતો ટેક્સ નથી અને સરકાર કે NPCIની સીધી આવક તરીકે લેવામાં આવતો નથી. આ રકમ બેંકો, પેમેન્ટ એપ્લિકેશન પ્રોવાઈડર્સ સહિત UPI પેમેન્ટ ઈકોસિસ્ટમના ભાગીદારો વચ્ચે વહેંચાય છે. સરકારનું કહેવું છે કે આ માળખાનો હેતુ UPI વ્યવસ્થાની લાંબા ગાળાની ટકાઉપણું, ટેક્નોલોજી, સુરક્ષા અને વિસ્તરણને ટેકો આપવાનો છે. આમ, "15 ઓક્ટોબરથી ₹.2,000થી વધુ UPI કરશો એટલે ગ્રાહકને ચાર્જ લાગશે" એવી સમજ ખોટી છે. સીધી અસર પસંદગીના ₹.2,000થી વધુના વેપારી વ્યવહારો પર MDR તરીકે થશે, જ્યારે સામાન્ય P2P પેમેન્ટ અને મોટા ભાગના નાના-મૂલ્યના UPI વ્યવહારો ચાર્જમુક્ત રહેશે.

સુરતના ડે. મેયરે વતનમાં સરકારી ગાડીમાં સાયરન વગાડી વટ માર્યો

મહારાષ્ટ્રના અમલનેર વિસ્તારમાં મંદિરના કાર્યક્રમમાં ગયા હતા, સાયરન સાથે એન્ટ્રીની રીલ બની

સુરત: સુરત મહાનગરપાલિકાનાં ડેપ્યુટી મેયર સુધાકર ચૌધરીની પોતાનાં વતન જલગાંવની મુલાકાત દરમિયાન તેમના દ્વારા સરકારી ગાડીનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો વિડીયો વાયરલ થતા વિવાદ થયો છે. પદાધિકારીઓ નિયમ મુજબ નાણાં ચૂકવીને ગાડી લઇ જઇ શકે પરંતું ગામમાં એન્ટ્રી કરતાં જ તેઓની ગાડીમાંથી નીકળતો સાયરનના અવાજ અને રોલો પાડતી એન્ટ્રી ચર્ચાનો વિષય બની છે. રાજકીય વર્તુળોમાં આ વિવાદનો વિષય બન્યો છે.

નિયમ મુજબ નાણા ચૂકવ્યા છે, લોકબુકમાં એન્ટ્રી પણ છે: સુધાકર ચૌધરી

જો કે ડેપ્યુટી મેયર સુધાકર ચૌધરીએ સ્પષ્ટતા કરતાં તેઓએ જણાવ્યું હતું કે, તેઓ કોઈપણ પ્રકારનાં નિયમમાં બાંધછોડ કર્યા વિના મેયરની પરમિશન અને મનપાનાં ફાયર વિભાગને જાણ કરીને ગાડી લઇ ગયા હતા તેમજ લોગબુકમાં તમામ એન્ટ્રી છે, તમામ ચાર્જ પણ ભર્યા છે. સાયરન બાબતે તેમણે ડ્રાઇવર પર દોષનો ટોપલો ઢોળ્યો હતો.

કેટલાક પદાધિકારીઓએ પણ ગાડી ફેરવ્યા બાદ નાણાં ચૂકવ્યા નથી

અગાઉ એક પરપ્રાંતિય કોર્પોરેટર જે શહેર ભાજપમાં પણ બે ટર્મ હોદ્દેદાર રહી ચુક્યા છે, તેનું લાખોનું ભાડું બાકી હોવાની ચર્ચા છે. આ ઉપરાંત ડેપ્યુટી મેયર પદે રહી ચૂકેલા બે પૂર્વ કોર્પોરેટરોએ પણ પોતે વાપરેલી ગાડીનો ચાર્જ ચૂકવ્યો નહીં હોવાનું જાણવા મળી રહ્યું છે.

આજે મોદીના જન્મદિવસે તાપી કીનારે 10 લાખથી દિવડાઓ પ્રજ્વલિત કરાશે

ગ્રીનલેબના મુકેશ પટેલ દ્વારા 1500 વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય અને 500 વિધવાઓને સહાય આપવામાં આવશે

પૂર્ણેશ મોદીની પ્રેરણાથી 8921 ખાતે મહાઆરતી કરાશે, સુરતથી વડનગર રેલી પણ કઢાશે

સુરત: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં 25 વર્ષની સેવા અને સમર્પણના ઉપલક્ષમાં આવતીકાલે 17 સપ્ટે.એ ''આશીર્વાદિનો દીવો'' કાર્યક્રમ હેઠળ શહેરમાં અંદાજે 10 લાખથી વધુ દિવડાઓ પ્રગટાવીને તેમના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરાશે. આજે ગ્રીનલેબ ડાયમંડના મુકેશ પટેલ દ્વારા સ્કૂલ્સમાં અભ્યાસ કરતા 1500 જેટલા વિદ્યાર્થીઓને કુલ રૂપિયા 10 કરોડની શિક્ષણ સહાય આપવામાં આવશે. આ ઉપરાંત 500 ગંગાસ્વરૂપ મહિલાઓને પણ વિવિધ સ્વરૂપે સહાય પૂરી પાડવામાં આવશે. જેનો મુખ્ય કાર્યક્રમ તા. 17 સપ્ટેમ્બરે સાંજે 5થી 7 વાગ્યા દરમિયાન રામચોક, મોટાવરાછા સ્થિત કિરણ હોસ્પિટલ-2 ગ્રાઉન્ડ ખાતે યોજાશે. સ્વામી વિવેકાનંદ આરોગ્ય મંદિરના સહયોગથી 200 લોકોના આંખના ઓપરેશન પણ વિના મૂલ્યે કરવામાં આવશે. સાથે સાથે આરોગ્યલક્ષી સેવાઓ અને કેન્સર નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

વિધાનસભાના ઉપાધ્યક્ષ પુર્ણેશ મોદીની પ્રેરણાથીઆજે 8921 સ્થળોએ મહાઆરતી યોજાશે. રાંદેરના રામનગર સ્થિત ટેઉરામ આશ્રમ ખાતે 1008 વ્યક્તિઓ દ્વારા આશીર્વાદના દીવડાની વિશેષ મહાઆરતી પણ યોજાશે. નાગરિકો માટે 5થી 76 ટકા સુધીના ડિસ્કાઉન્ટની જાહેરાત કરાઈ છે.

સુરતથી ઉનાઈ થઈ વડનગર સુધીની બાઈક યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સેવા સંકલ્પ કળશમાં તાપી મૈયાનું પવિત્ર જળ લઈને બાઈક રેલી ઉનાઈ થઈ વિવિધ ગામોમાંથી પસાર થઈ વડનગર પહોંચશે.

શોર્ટ સર્કિટથી લિંબાયતમાં એમ્બ્રોઈડરી ખાતામાં આગ

રાત્રિના સમયે ખાતું બંધ હોવાથી મોટી જાનહાનિ ટળી

સુરત : શહેરના લિંબાયત વિસ્તારમાં આવેલી ઉમા ઈન્ડસ્ટ્રીમાં ગઈકાલે રાત્રે એમ્બ્રોઈડરી ખાતામાં અચાનક આગ લાગતાં આસપાસના વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. આગ લાગી તે સમયે ખાતું બંધ હોવાથી અંદર કોઈ કામદારો હાજર ન હતા, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી. બનાવની જાણ થતાં ભેસ્તાન ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

ફાયર વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ, લિંબાયતની ઉમા ઈન્ડસ્ટ્રીમાં આવેલા એમ્બ્રોઈડરી ખાતામાં રાત્રે આગ લાગી હોવાની જાણ થતાં ઘટનાસ્થળે દોડી જઈ ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. આગ લાગવાને એમ્બ્રોઈડરી મશીનરીઝ તથા વાયરિંગને નુકશાન પહોચ્યું હતું.

સબ ફાયર ઓફિસર સુનિલ ચૌધરીએ જણાવ્યું હતું કે, રાત્રે 9:27 કલાકે ઉમા ઈન્ડસ્ટ્રીમાં એમ્બ્રોઈડરી ખાતામાં આગ લાગી હોવાનો કોલ મળ્યો હતો. આ ખાતાના માલિક ઓમ સૈની હોવાનું જાણવા મળ્યું હતું. આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનો પ્રાથમિક અંદાજ છે. આગની જાણ થતાં આસપાસના લોકોમાં પણ ગભરાટ ફેલાયો હતો.

ખાતું બંધ હોવાથી આગની ઘટનામાં કોઈ કામદાર કે અન્ય વ્યક્તિને ઈજા થઈ ન હતી. ફાયર વિભાગે ઓવધુ તપાસ હાથ ધરી છે.

સ્ક્રેપ વેપારીના સુપરવાઈઝરે રૂપિયા ૬૪.૩૬ લાખ તફડાવ્યા

સચીન, હોજીવાળામાં બોગસ કાંટા સ્લીપો બનાવી રકમ પરિજનોના ખાતામાં ટ્રાન્સફર કરી દીધી

સુરત: સચિન હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં પુઠ્ઠાના સ્ક્રેપનો વેપાર કરતાં ઉદ્યોગપતિ સાથે તેમના જ સુપરવાઈઝરે વિશ્વાસઘાત આચરી રૂ.૬૪.૩૬ લાખથી વધુની રકમની બારોબાર ઉચાપત કરી હતી. મૂળ ઉત્તર પ્રદેશના સુલતાનપુરના વતની અને હાલ ડિંડોલી કરાડવા રોડ પર સાંઈવિલા રેસિડેન્સીમાં રહેતા ૩૭ વર્ષીય વિકાસ કુંવરબહાદુર સીંગ (રાજપૂત) સચિન હોજીવાલા રોડ નં.૬ પર 'કુંવર એન્ટરપ્રાઈઝ' નામે પુઠ્ઠાના સ્ક્રેપનું બેલ પ્રેસિંગ કરી પેપરમિલમાં મોકલવાનો વ્યવસાય કરે છે. તેમને ત્યાં કામ કરતાં ચંદ્રપ્રતાપસીંગ ઉર્ફે સાનું દધીચસિંગ રાજપૂતે સ્ક્રેપમાંથી ગરબડ કરી હતી. વિકાસે ક્રોસ ચેકિંગ કરતાં માલ આપતા નિયમિત વેપારીઓ તેજુભાઈ ગુજ્જર અને દિનાભાઈ પીપરીયાના નામે ખોટી મેન્યુઅલ કાંટા રસીદો બનેલી મળી આવી હતી. સીસીટીવી ફૂટેજ ચકાસતાં આ કાંટા સ્લીપ વાળા ગાડી-ટેમ્પો ક્યારેય ગોડાઉન પર આવ્યા જ ન હોવાનું ખુલ્યું હતું. બેંક એકાઉન્ટ તપાસતાં ચંદ્રપ્રતાપસીંગે ૬૪,૩૬,૫૨૯ ટુકડે-ટુકડે ટ્રાન્સફર કરી લીધા હોવાનું સામે આવ્યું હતું. આ અંગે પૂછપરછ કરતાં આરોપીએ નાણાં પરત ચૂકવવાની ખાતરી આપી હતી, પરંતુ બીજા જ દિવસથી નોકરી પર આવવાનું બંધ કરી દીધું હતું. જતાં-જતાં તેણે કોમ્પ્યુટરમાંથી લેઝર રિપોર્ટ અને હિસાબી વિગતો ડિલીટ કરી નાખી હતી.

જન્મદિનની હાર્દિક શુભકામનાઓ : તુમ જીઓ હજારોં સાલ ... સાલ કે દિન હોં એક હજાર

ભારતના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીને સુરત કાંઠા વિસ્તારના ટાઈગર દીપક ઈજારદારના પ્રણામ

પ્રણામ... પ્રણામ... પ્રણામ... નમસ્કાર...નમસ્કાર...નમસ્કાર...

પોતાની અનન્ય અને આગવી દૂરદ્રષ્ટિ, વિચાર શકિત, રાજનીતિ, કુટનીતિ, રણનીતિ, ચાણકય નીતિ, વ્યવહાર કુશળતા, માનવતા સંવેદના, ભકિત દ્વારા સમગ્ર વિશ્વ પટલ પર છવાઇ ગયેલા આપણા દેશના લોકલાડીલા અને યશસ્વી વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને સુરત ડુમસ, સુલતાનાબાદના સૌથી જુના એકમાત્ર અગ્રણી લેન્ડ ડેવલપર અને સમગ્ર કાંઠા વિસ્તારના લોકપ્રિય, સામાજિક અગ્રણી દીપક ધીરૂભાઇ ઇજારદાર તેઓના ૭૭માં જન્મદિવસ નિમિત્તે તમામ સુરતવાસીઓ તરફથી હાર્દિક શુભકામનાઓ પાઠવે છે.

દીપક ઈજારદારનો પરિચય

દીપક ઈજારદાર સ્વતંત્રતા સેનાની ધીરૂભાઇ પરભુભાઇ ઇજારદારના એક ના એક સુપુત્ર છે. ગરીબો અને પીડિતો પ્રત્યે માનવતા દાખવી તેમના ઉત્થાન માટે શકય એટલી મદદ કરવી અને તેમના હક્ક માટે શાસકો વિરૂધ્ધ પણ આંદોલન ઉપાડવું એ સંસ્કાર તેમને વારસામાં મળ્યાં છે. જેથી જ કાંઠા વિસ્તારના લાખો રહીશોમાં તેઓ ખૂબ જ લોકપ્રિય અને ભારે પ્રતિષ્ઠા ધરાવનાર પર્સનાલિટી છે. તેમના સુરત-ડુમસ, સુલતાનાબાદ સ્થિત "ભકિતધામ" ખાતેના નિવાસ સ્થાને વહેલી સવારથી મોડી રાત સુધી રાજાની જેમ દરબાર સજેલો હોય છે. જયાં મદદની અપેક્ષાએ આવેલ ગરીબ, પીડિત, સાધુ-સંતો, સામાજિક સંસ્થાઓ કે મંડળો કયારેય નિરાશ થઇને જતાં નથી. દાનની સરવાણી અહીં સતત વહેતી રહે છે. તેમના ઘરના દરવાજા ચોવીસે કલાક જરૂરિયાત મંદ વ્યક્તિઓ માટે ખુલ્લા રહે છે જ્યાં મદદની અપેક્ષાએ આવેલ વ્યક્તિને ફૂલ નહીં તો ફૂલ ની પાંખડી જરૂરથી મળશે જ તેવું તેમણે બાકાયદા જાહેર પણ કરેલું છે.

પોતે એક અગ્રણી લેન્ડ ડેવલપર હોવા ઉપરાંત દીપક ઈજારદાર સ્થાનિક રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા સામાજિક તેમજ રાજકીય પ્રવાહોની પણ ઊંડી સૂઝ અને સમજ ધરાવે છે. જે તેમના વ્યકિતત્વને સામાન્ય વ્યકિતની સમજ કરતા ખૂબ ઉંચાઇએ લઇ જાય છે. દીપક ઈજારદાર આદરણીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વ્યકિતત્વ અને નેતૃત્વથી ખૂબ જ પ્રભાવિત છે. પોતે નરેન્દ્ર મોદીના ચેલા હોવાનું જાહેરમાં ગર્વથી સ્વીકાર કરે છે. નરેન્દ્ર મોદીએ તાજેતરમાં સુરત ખાતે પધારી પર્યાવરણ સુરક્ષા માટે જે જાહેર અપીલ કરી હતી તેનો તાત્કાલિક અમલ કરી તેઓએ તે જ દિવસે મધ્યરાત્રિએ પોતાની વાડીમાં ૧૦૦ જેટલા વૃક્ષો રોપી વૃક્ષારોપણને પોતાના જીવનનું મિશન બનાવી દીધું છે.

દીપક ઈજારદાર કહે છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં વિશ્વમાં યુદ્ધની ભીષણ પરિસ્થિતિ અને કુદરતના પ્રહારની વચ્ચે જે રીતે દેશનું સુકાન સંભાળી રહ્યાં છો તે કાબિલે તારીફ વાત છે. ચાર દિવસ પહેલાંજ દિલ્હીમાં સંપન્ન થયેલી BRICS Summit માં પસાર થયેલા ૪૫ પાનાનાં Delhi Declarationને સર્વાનુમતે સ્વીકાર કરાવી મુઠ્ઠીભર ધનાઢય દેશોને ગાલ પર જે તમાચો માર્યો છે તે જોઇ સૌ ભારતવાસીઓની છાતી ગજગજ ફુલી ગઇ છે.

દિલ્હી સંમેલનમાં આપશ્રીએ વિશ્વની શકિત ગણાતા રશીયાના રાષ્ટ્રપતિ પુતીન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ને એકમંચ પર લાવી દઇ દુનિયાને દર્શાવી દીધું કે ભારતની શું તાકાત છે. ખાસ તો આપણા જુના અને ભરોસાપાત્ર દેશ રશિયાએ સરંક્ષણ ક્ષેત્રમાં અત્યાધુનિક મિસાઇલો અને વિમાનોના ક્ષેત્રમાં તેની લેટેસ્ટ ટેકનોલોજી આપવા ઉપરાંત તેનું નિર્માણ પણ ભારતમાં જ કરવાના જે કરાર કર્યા છે તે પ્રશંસાને પાત્ર છે. મોદીના આ કુટનીતિજ્ઞ જલવાની અમેરિકન મીડિયાએ પણ નોંધ લેવી પડી છે.

વડાપ્રધાનની દરેક મુલાકાતમાંથી ભારતને કંઇક નક્કર પરિણામ મળી રહ્યું છે. ઘણા દેશો હવે ભારત સાથે સંબંધો બાંધવા માટે પોતે જ પહેલ કરી રહ્યા છે. જાપાન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો સાથે ભારતના સંબંધો વધુ મજબૂત બન્યા છે. ફ્રાન્સ અને ભારત (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) ક્ષેત્રે સંયોગ કરી રહ્યા છે. નોર્વેએ ભારતમાં દસ લાખ નોકરીઓનું સર્જન કરવાની તેની પ્રતિબદ્ધતા ફરી દોહરાવી છે. દક્ષિણ કોરિયા ભારતમાં જહાજોનું નિર્માણ કરશે. યુરોપિયન યુનિયન સાથે વેપાર કરાર થયો છે. ન્યુઝીલેન્ડ સાથે દરિયાઇ સુરક્ષા અંગે ચર્ચા કરવામાં આવી છે!

ગયા વર્ષે, બ્રિટને ભારતીય કાપડ પરના ટેરિફ (આયાત જકાત)માં ઘટાડો કર્યો હતો. અમેરિકા દ્વારા લાદવામાં આવેલા અનેક ટેરિફ છતાં ભારત મક્કમતાથી ઊભું છે. ઈરાન સાથે સંકળાયેલા સંઘર્ષ છતાં બધું સામાન્ય છે. આ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નેતૃત્વ શ્રેયને પાત્ર છે. આ સ્થિતી દર્શાવે છે કે આપણો દેશ સાચેજ વિશ્વ ગુરૂ બનવાની દિશામાં અગ્રસર છે.

નરેન્દ્રભાઇના પ્રતાપે ડુમસ બનશે ગ્રોથ અન્જિન

૪૧ વર્ષ જુના લેન્ડ ડેવલેપર તરીકેના ધંધા-વેપારમાં પોતાની આગવી સુઝ, અનુભવ અને નોખી પ્રતિભાની હવે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઇ રહીછે તેવું દિપક ઇજારદારનું સ્પષ્ટ માનવુંછે. તેથીજ ગુજરાતના અગ્રણી એવા કચ્છ, સૌરાષ્ટ્ર, ધોલેરા, ભારતના અગ્રણી મુંબઇ, જયપુર, કાશી, નોઇડા વિગેરે ઉપરાંત યુ.એસ.એ., યુ.કે. અને યુરોપ જેવા આંતરરાષ્ટ્રીય શહેરોના અગ્રણી ઉધોગપતિઓ અને બિલ્ડરો તેઓને ત્યાં ઇન્વેસ્ટમેન્ટ કરવા માટે ઇજન એટલેકે આમંત્રણ આપી રહયાં છે.

ભારતના લોકપ્રિય અને યશસ્વી વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઇ મોદીની દૂરદ્રષ્ટિના કારણે સુરતના ડુમસ વિસ્તારની વર્લ્ડટુરિઝમ સ્પોટ તરીકે કાયાપલટ થવા જઇ રહીછે. તેમજ ગ્લોબલ નવરાત્રિ અને યોગના કાર્યકમોના આયોજન દ્વારા તેનું આંતરરાષ્ટ્રીયકણ થઇ રહયુંછે. તેના કારણે આપણાં શહેર સુરતનો ડુમસ વિસ્તાર ગુજરાત રાજયનું તેમજ દેશનું વિકાસ એંજિન બને તેમાં કોઇ મીનમેખ નથી. તે દિશામાં પણ દિપક ઇજારદાર વેપાર વિકાસની ઉજળી તકો જોઇ રહયાંછે. તેઓ પાસે ડુમસ વિસ્તારમાં મોટી લેન્ડ બેંક હોવાથી તેઓ લક્ઝુરિયસ અને વિશાળ રેસિડેન્શિયલ પ્રોજેકટોનું આયોજન કરી રહ્યાં છે જેમાંથી ડુમસ સી-ફેસ ની સાથે તાપીનો કાંઠો અને અફાટ દરિયાની સુંદરતાનો અદ્ભુત તેમજ ખૂબસુરત નજારો જોઇ શકાશે. દિવાળી પછીનાં શુભ દિવસોમાં આ પ્રોજેકટોની ઘોષણા પણ થવા જઇ રહી છે. નજીકના જે ગ્રાહકોને દીપક ઇજારદારના ઉપરોક્ત પ્રોજેકટોની જાણ થઇ ચૂકી છે તે લોકો તો અત્યારથી જ તેઓની પાસે એડવાન્સ બુકિંગ કરાવવા માટે તલપાપડ થઇ રહ્યાં છે.

પરંતુ વેપાર સાથે જનસેવાનો મંત્ર તેઓ વિસરવા માંગતા નથી. જેથી જ ગરીબ અને પીડિત વ્યકિતઓની સેવાનો એરીયા હવે તેઓ સુરતથી આગળ વધી ગુજરાતના અને દેશના અન્ય સ્થળોએ પણ વિસ્તારવા પ્રબળ ઇચ્છા ધરાવે છે અને તે દિશામાં ભારે જહેમત ઉઠાવી ખૂબ લગનથી કામ કરી રહયાંછે.

શુભેચ્છક : દીપક ધીરૂભાઈ ઈજારદાર – ધ્યેય દીપકભાઈ ઈજારદાર "ભકિતધામ" સુલતાનાબાદ – ડુમસ, સુરત, ઈન્ડિયા – ૩૯૪૫૫૦